P.07
આમિર ખાન શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે ફિલ્મ કરવા માંગે છે



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07
બોલિવૂડની એવરગ્રીન અભિનેત્રી રેખા કપિલના શોમાં ગેસ્ટ તરીકે આવશે



www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૭ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 122 • Dt. 08-12-2024 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

આઇવરી કોસ્ટમાં ભયાનક માર્ગ અકસ્માત બાદ બસમાં આગ લાગી । ૨૬ લોકોનાં મોત, ૨૮ ઘાયલ 07



08
DECEMBER- 2024
SUNDAY



07 ૨૧મી ડિસેમ્બરે સમગ્ર વિશ્વમાં વિશ્વ ધ્યાન દિવસ ઉજવવામાં આવશે!!

### ૭૦ હજાર રૂપિયામાં બોગસ ડિગ્રીઓ લોકોને આપતા હતા

# પોલીસે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર રાજ્ય વ્યાપી સ્કેમને ઝડપી પાડવામાં આવ્યું

**પોલીસે આ સમગ્ર ઘટનામાં રસેસ સહિત ૧૩ જેટલા આરોપીઓની ધરપકડ કરી, પોલીસે આ ગેમવિરોધ અલગથી ખંડણી અને ધાકધમકીનો ગુનો નોંધ્યો**

। પ્રતિનિધિ, સુરત, તા.૬ ।

પાંડેસરા પોલીસે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર રાજ્ય વ્યાપી સ્કેમને ઝડપી પ ાડવામાં આવ્યું છે. આ સ્કેમના મુખ્ય આરોપી રસેસ ગુજરાતી અને બી કે રાવત છે. જેઓ ૭૦ હજાર રૂપિયામાં બોગસ ડિગ્રીઓ લોકોને આપતા હતા. પોલીસે આ સમગ્ર ઘટનામાં રસેસ સહિત ૧૩ જેટલા આરોપીઓની ધરપકડ કરી છે રસેસ તેમજ તેની ગેંગ દ્વારા જો કોઈ વ્યક્તિ ડિગ્રીના અથવા તો ડિગ્રી રીન્યુઅલ ના પૈસા ના આપે તો તેમને ધાક ધમકી આપતા હતા જેથી પોલીસે આ ગેમવિરોધ અલગથી ખંડણી અને ધાકધમકીનો ગુનો નોંધ્યો છે રૂપિયા ૭૦,૦૦૦ આપો અને ડિગ્રી લઈ જાઓ જો કોઈ પોલીસ કર્મી અથવા તો કોઈ હેરાન કરે તો




તમારી પાછળ હું છું તેમ કહીને સમગ્ર રાજ્યમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર સ્કેમનો પ દાર્ફાશ સુરત પાંડેસરા પોલીસે કર્યો છે. સુરત પાંડેસરા પોલીસે થોડા સમય પહેલા જ ત્રણ જેટલા તબીબો ને ત્યાં દરોડા પાડ્યા હતા. જ્યાં તેમની ડિગ્રી ચેક કરતા તે બોગસ હોવાનું સામે આવ્યું હતું આ ડિગ્રી તેઓ ક્યાંથી લાવ્યા તે અંગે તપાસ કરતા તેમને જાણવા મળ્યું હતું કે આ બોગસ ડિગ્રી સુરતમાં રહેતા રસેસ ગુજરાતી અને બી.કે રાવત પાસેથી લાવ્યા હોવાની કબુલાત કરી હતી જે રીતે આ ત્રણે બોગસ તબીબો દ્વારા કબુલાત કરવામાં આવી હતી ત્યારબાદ પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને એક ટીમને અમદાવાદ ખાતે રહેતા બીકે રાવતને ત્યાં પણ મોકલી આપવામાં આવી હતી. જ્યાંથી પોલીસને કોરા બોગસ સર્ટી ૩૦, અન્ય બોગસ સર્ટિ ૧૦૦ તેમજ ૧૨૦૦ જેટલા રજીસ્ટ્રેશન થયેલા તબીબો ની યાદી મળી આવી હતી. પ ોલીસ તપાસ દરમિયાન બહાર આવી હતી કે આ બોગસ સ્કેમ ચલાવનાર મુખ્ય આરોપીઓ દ્વારા બી.ઇ.એચ.એમ.ગુજરાત ..કોમ નામની વેબસાઈટ ચલાવવામાં આવી હતી જેમાં દરેક તબીબો નું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવતું હતું.















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

માલેગાંવ મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય સુત્રધાર આંગડિયા નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે

# એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અમદાવાદ અને મુંબઈમાં દરોડા । ૧૩.૫ કરોડથી વધુની રકમ જપ્ત કરવામાં આવી

## પ્રાથમિક આરોપી સિરાજ મોહમ્મદ દ્વારા માલેગાંવની નાસિક મર્ચન્ટ કોઓપરેટિવ બેંકમાંથી કથિત રીતે ૧૪ કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ માલેગાંવ મની લોન્ડરિંગ કેસની ચાલી રહેલી તપાસના ભાગ રૂપે મુંબઈ અને અમદાવાદમાં અનેક સ્થળોએ પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૧૩.૫ કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરી હતી. આ સર્ચમાં અમદાવાદમાં છ અને મુંબઈમાં એક જગ્યાને નિશાન બનાવવામાં આવી હતી, જે માલેગાંવ મની લોન્ડરિંગ કેસમાં મુખ્ય સુત્રધાર આંગડિયા નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. જેની પૂછપરછ કરવામાં આવી તેમાં મુંબઈના ભુલેશ્વર વિસ્તારમાં રહેતા જાણીતા આંગડિયા પિન્ટુ પટેલનો પણ સમાવેશ થાય છે. જેની આ કેસમાં મહત્વની ભૂમિકા હોવાની શંકા છે.તપાસની નજીકના સૂત્રોએ જણાવ્યું કે જપ્ત કરાયેલી



રોકડમાંથી રૂ. ૧૩.૫ કરોડ લોન્ડરેડ ફંડમાં રૂ. ૧૪ કરોડનો ભાગ હોવાની શંકા છે. રોકડ ઈડીની તપાસ હેઠળ છે. તપાસ દરમિયાન, ઈડીને જાણવા મળ્યું કે પ્રાથમિક આરોપી સિરાજ મોહમ્મદ દ્વારા માલેગાંવની નાસિક મર્ચન્ટ કોઓપરેટિવ બેંકમાંથી કથિત રીતે ૧૪ કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા અને આંગડિયા નેટવર્ક દ્વારા મુંબઈમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.ઈડીની ટીમ આંગડિયાઓ દ્વારા પ્રાપ્ત થયેલી અને વિવિધ ઉપનામોના નામો હેઠળ હવાલા ઓપરેટરોના અનેક હાથમાંથી પસાર થયેલી લોન્ડરની રકમના અંતિમ મુકામને ઓળખવા માટે ઘણા દિવસોથી કામ કરી રહી હતી. પૂછપરછ દરમિયાન, સિરાજ અહમદે છેતરપિંડીની હદનો ખુલાસો કર્યો હતો, જેમાં જણાવ્યું હતું કે રૂ. ૧૪ કરોડ ઉપાડવામાં આવ્યા હતા અને હવાલા ચેનલો દ્વારા મુંબઈ મોકલવામાં આવ્યા હતા. વધુ તપાસમાં અનેક હવાલા ઓપરેટિવ્સની સંડોવણી બહાર આવી છે. પિન્ટુ પટેલ, ભુલેશ્વરના આંગડિયા (કુરિયર)નો સમાવેશ થાય છે; ધવલ પટેલ, સુરત સ્થિત આંગડિયા સેવાના માલિક; અને શેખ સાહબાજ (સાગર તરીકે પણ ઓળખાય છે), જેમણે કથિત રીતે લોન્ડરિંગ ફંડ મેળવ્યું હતું. વધુમાં, અંધેરીના હવાલા ઓપરેટર જાફરભાઈ નબીનવાલાને નેટવર્કમાં મુખ્ય ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે.ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે સિરાજ મોહમ્મદ દ્વારા ખોલવામાં આવેલા તમામ બેંક ખાતાઓનું સંચાલન એક મુખ્ય આરોપી નાગની અકરમ મોહમ્મદ શફી દ્વારા કરવામાં આવ્યું હતું. શફીની સૂચના પર કામ કરીને સિરાજ મોહમ્મદ અને તેના સહયોગીઓએ એનએએમસીઓ બેંકમાં ૧૪ થી વધુ બેંક ખાતા ખોલાવ્યા. આ ખાતાઓ સિરાજ શફીના નિર્દેશ હેઠળ ચલાવતો હતો. શફીના આદેશ પર, આંગડિયા નેટવર્ક દ્વારા ૧૪ કરોડ રૂપિયા પાછા ખેંચવામાં આવ્યા અને મુંબઈમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા.વધુમાં, તપાસમાં ખુલાસો થયો કે શફી અને વસીમ વલીમોહમદ ભેસાણિયાએ વિવિધ ડમી સંસ્થાઓના ખાતામાંથી મોટી રકમની રોકડ ઉપાડી લીધી હતી. અમદાવાદ, મુંબઈ અને સુરતમાં આંગડિયાઓ અને હવાલા ઓપરેટરોને રોકડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જામનગરમાં ખેડૂત યુવકનું વીજપોલના આંચકાથી કમકમાટીભર્યું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૭ ।

જામનગરના એક ખેડૂત યુવાનને વીજ પોલ પર પર ચડીને ટ્રાન્સફોર્મરમાં લાઈટ ચેક કરતી વેળાએ એકાએક વીજ આંચકો લાગ્યો હતો અને તેનું મૃત્યુ નિપજ્યું છે.આ બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના નથુવડલા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા દિલીપભાઈ અમરશીભાઈ કગથરા નામના ૪૫ વર્ષના ખેડૂત યુવાન ગઈકાલે બપોરે આશરે ૨.૩૦ વાગ્યાના અરસામાં પોતાની વાડી પાસે આવેલા ટ્રાન્સફોર્મર ઉપર ચડીને લાઈટ ચેક કરવા જઈ રહ્યા હતા.જે દરમિયાન અચાનક તેને ટીસીમાંથી વીજ આંચકો લાગ્યો હતો, અને નીચે પટકાઈ પડ્યા હતા. ત્યારબાદ તેને તાત્કાલિક અસરથી ધ્રોલની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાક્ષ ત્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.આ બનાવ અંગે મૃતકના સંબંધી ધર્મેન્દ્રભાઈ કાનજીભાઈ કગથરાએ પોલીસને જાણ કરતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.બી.સોઢીયા બનાવના સ્થળે તેમજ ધ્રોલની સરકારી હોસ્પિટલમાં દોડી ગયા હતા.

## બનાસકાંઠાના ધારાસભ્ય પ્રવીણ માળી બહેનનું મામેરું બળદગાડામાં લઈ ગયા

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૭ ।

બનાસકાંઠાના ધારાસભ્ય પ્રવીણ માળીએ અનોખો ચીલો ચાતર્યો હતો. પ્રવીણ માળી બહેનનું મામેરું બળદગાડામાં લઈ ગયા હતા. તેમણે ડીસામાં બળદગાડામા મામેરું કાઢ્યું હતું. જૂની પરંપરા મુજબ બળદગાડામાં મામેરું લઈને ગયા હતા.સામાન્ય રીતે ધારાસભ્યની બહેનના લગ્ન હોય ત્યારે એકદમ ઝાકઝમાળભર્યા અને એકદમ વૈભવી લગ્ન જોવા મળતાં હોય છે, પરંતુ અહીં તો બધું જ તેનાથી વિપરીત હતું. આ જોઈને એમ જ લાગે ગાંધીજીના સિદ્ધાંતો તેમણે અપનાવી લીધા છે.આ અંગે ધારાસભ્ય પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે લોકો લગ્નમાં અવનવું બધું જ કરતાં હોય છે, પરંતુ પરંપરાનું પાલન જ કરતાં નથી. મને આશા છે કે મારામાંથી પ્રેરણા લઈને લોકો બીજું બધુ કરવાની સાથે-સાથે પરંપરાનું પાલન કરશે.લગ્નો આધુનિક રીતે આધુનિક સમય મુજબ થાય તે જરૂરી છે.

## ખ્યાતિ કાંડ : ૧૧૨ દર્દીઓના મોત મામલે એસઆઇટીની રચના થશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડમાં ડોકટરોની ટીમે પીએમજેએવાય હેઠળ ૪૫ ટકા સર્જરી કરીને કરોડો રૂપિયાની કમાણી કરી છે. ત્રણ વર્ષમાં સર્જરી કરાવનાર ૧૧૨ દર્દીઓના મોત અંગે ગૃહ વિભાગે બેઠક બોલાવી છે. આ પછી, તબીબી નિષ્ણાતો, ફોરેન્સિક નિષ્ણાતો અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સહિત નિષ્ણાતોની વિશેષ તપાસ ટીમ બનાવવામાં આવશે.પીએમજેએવાયના અધિકારીઓ આ કૌભાંડમાં સામેલ છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. હાલના નિવેદનોના આધારે તપાસ ચાલુ છે, તેથી ગૃહ વિભાગે પણ રિપોર્ટ માંગ્યો છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચ અને એસઆઈટી વધુ તપાસ કરશે. જો આ તપાસમાં પીએમજેએવાય અને વીમા કંપનીઓની સંડોવણી જણાશે તો વધુ ગુનાઓ નોંધવામાં આવશે.પોલીસ નિષ્ણાતો સાથે તપાસ કરશે, જેથી તેમને સંપૂર્ણ માહિતી મળી શકે કે ડોક્ટરોએ કેટલી સર્જરી કરી અને કયા પ્રકારની. ખ્યાતી હોસ્પિટલના કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત, ડો.સંજય પટોલિયા, મિલિંદ પટેલ, રાહુલ જૈન સહિતના આરોપીઓનો હેતુ દર્દીઓના બિનજરૂરી ઓપરેશન કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને અન્ય સરકારી યોજનાઓમાંથી કમાણી કરવાનો હતો. આ સમગ્ર કૌભાંડને લઈને ગૃહ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે.

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે

# આશરે ૩૦ દેશોમાંથી ૧ લાખથી વધુ હરિભક્તો બીએપીએસ સુવર્ણ મહોત્સવમાં હાજરી આપશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ૭ ડિસેમ્બરના રોજ બીએપીએસ દ્વારા કાર્યકર સુવર્ણ મહોત્સવનું ભવ્ય આયોજન થવાનું હોવાથી દેશ-વિદેશથી અનેક હરિભક્તોનું અમદાવાદમાં આગમન શરૂ થઈ ગયું છે. આજે ૩૦ દેશોમાંથી ૧ લાખથી વધુ કાર્યકરો આવવાના છે. ત્યારે ફ્લાઈટના ભાડામાં પણ વધારો થયો છે. સામાન્ય રીતે દિલ્હી-અમદાવાદનું વન-વે એરફરે રૂપિયા ૪૫૦૦ની આસપાસ હોય છે. પરંતુ ૭ ડિસેમ્બરની વહેલી સવારથી બપોર સુધીની ફ્લાઈટના ભાડા રૂપિયા ૧૮ હજારથી રૂપિયા ૨૩ હજાર સુધીનું ભાડું વધી ગયું છે. સામાન્ય રીતે મુંબઈ-અમદાવાદનું વન-વે એરફેર રૂપિયા ૬ હજારથી રૂપિયા ૧૦ હજાર જેટલું થઈ ગયું છે. મુંબઈ-અમદાવાદનું વન-વે એરફેર રૂપિયા ૩ હજારની આસપાસ હોય છે.

આ સુવર્ણ મહોત્સવ કાર્યક્રમમાં ભારતમાં પ્રથમ વખત ૧ લાખ કાર્યકરો એલઈડી બેલ્ટથી અલગ અલગ સિમ્બોલ દર્શાવશે. સ્ટેડિયમની જમીન પર સૌથી અત્યાધુનિક ટેકનોલોજીથી સ્ક્રીન પ્રેઝન્ટેશન થશે. આ પ્રસંગે સ્ટેડિયમમાં બે હજાર કરતાં વધારે કાર્યકરો, ૧૮૦૦ લાઈટ્સ, ૩૦ પ્રોજેક્ટરની મદદથી પર્ફોમન્સ અપાશે. સ્ટેડિયમમાં સાયકલોન ઈફેક્ટ અને આકાશમાં વિવિધ ટેક્નોલોજીની મદદથી વિવિધ પ્રતિકૃતિ તૈયાર થશે. આ દરેક પ્રવૃતિ એક હકારાત્મક સંદેશા સાથે તૈયાર કરાયા છે. કાર્યક્રમમાં પુરુષો અને મહિલા કાર્યકરો માટે ખાસ ડ્રેસ કોડ પણ તૈયાર કરાયો છે. ૭ ડિસેમ્બરે સાંજ ૫:૦૦ વાગ્યાથી ૮:૩૦ વાગ્યા સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ પર્ફોમન્સ રજૂ કરાશે. આ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ બાળકો ખાસ પ્રસ્તુતિ કરશે.અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ૭ ડિસેમ્બરના રોજ બીએપીએસ દ્વારા કાર્યકર સુવર્ણ મહોત્સવનું ભવ્ય આયોજન થવાનું હોવાથી દેશ-વિદેશથી અનેક હરિભક્તોનું અમદાવાદમાં આગમન શરૂ થઈ ગયું છે. આજે ૩૦ દેશોમાંથી ૧ લાખથી વધુ કાર્યકરો આવવાના છે.

## ગઢડાના ગ્રામ્ય વિસ્તારની સગીરાને લલચાવી ઘરે બોલાવી દુષ્કર્મ કર્યું

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૭ ।

બોટાદના ગઢડા તાલુકાનાં એક ગામની ૧૩ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બે દિવસ પહેલાં સગીરાને પેટમાં દુઃખાવો થતાં હોસ્પિટલ ગઈ હતી ત્યારે, સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હોવાનું સામે આવ્યું હતું.જેથી સગીરાના માતા-પિતાએ સગીરાને ઘરે લઈ જઈને શાંતિથી પૂછપરછ કરતાં સગીરાએ તેના કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું હોવાનું તેના માતાપિતાને જણાવ્યું હતું. સગીરાને વધુ પૂછપરછ કરતાં સગીરાએ જણાવ્યું હતું કે, આશરે ત્રણેક માસ પહેલાં સગીરા ઘરે એકલી હતી ત્યારે, તેના કૌટુંબિક ભાઈએ સગીરાને લલચાવીને ઘરે બોલાવી હતી અને અડપલાં કરીને સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું હોવાનું સગીરાએ તેના માતા પિતાને જણાવ્યું હતું.જેથી સગીરાના પિતાએ આરોપી સામે ગઢડા પોલીસમા ફરિયાદ નોંધાવી છે ત્યારે,ગઢડા પોલીસે આરોપી વિરુદ્ધ દુષ્કર્મ અને પોક્સો કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભાવનગરની સમરસ હોસ્ટેલમાં જીવાત નીકળતા હોબાળો મચી ગયો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૭ ।

ભાવનગરમાં ફરી એકવાર ખોરાકમાં જીવજંતુઓ જોવા મળ્યા. જેમાં શહેરની સમરસ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓના ખોરાકમાં જંતુઓ જોવા મળ્યા હતા. જે બાદ એક વિદ્યાર્થીએ જંતુનો ફોટો લીધો હતો. જેના કારણે વિદ્યાર્થીઓને રસોડામાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.હોસ્ટેલમાં ફૂડ મળી આવતાં એનએસયુઆઈના કાર્યકરોને ફરિયાદ પત્ર આપવામાં આવશે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, જો આવતીકાલ સુધીમાં ખોરાકમાં જંતુઓ દેખાવાનું બંધ નહીં થાય તો ફરિયાદ પત્ર આપવામાં આવશે. જો કે આ ઘટનાને કારણે વિદ્યાર્થીઓને બહારથી ખાવાનું મંગાવવું પડી રહ્યું છે.હોસ્ટેલ અને હોટલોમાં ખોરાકમાં જીવાત મળી આવવાની આવી ઘટનાઓ ઘણા સમયથી જોવા મળી રહી છે. કેટલાક કિસ્સાઓમાં, લોકોને આ કારણે હોસ્પિટલ પણ જવું પડે છે.



### પાસ થયેલા વિદ્યાર્થીઓને માર્કશીટ પણ આપવામાં આવતી નથી અને ધક્કા ફેરા ખવડાવે છે.

# ગોતામાં આવેલી સિલ્વર ઓક યુનિવર્સિટીમાં ચાલતું પોલમ પોલ રિ ટેસ્ટ લઈને વિદ્યાર્થી પાસેથી રૂ.૧૦૦૦ પડાવી લેવાય છે

**એનરોલમેન્ટના બે કરોડ દસ લાખ ઉઘરાવી લેવાતા વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો તે જ સમયે જ ઇન્કમટેક્સની રેડ પડતા કૌભાંડ બહાર આવ્યું હતું**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં ગોતા વિસ્તારમાં આવેલી સિલ્વર ઓક નામની પ્રાઈવેટ યુનિવર્સિટી માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હેરાન ગતિ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે ખાસ કરીને બી સી એ માં અભ્યાસ કરતા ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે એક એવી પણ માહિતી મળી છે કે સેમેસ્ટર બે ચાર અને છ માં અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવતી નથી આ અંગે બી સી એ ના પ્રિન્સિપાલ ને રજૂઆત કરવા માટે વિદ્યાર્થીઓ જાય ત્યારે તેઓ મળતા નથી અને સ્ટાફ દ્વારા પણ જવાબ આપી દેવામાં આવે છે જે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી છોડવી હોય અથવા તો વિદેશ ભણવા જવું હોય તેવા કિસ્સાઓમાં માર્કશીટ ની જરૂર પડે છે એટલું જ નહીં વિદ્યાર્થીએ અમારી કોલેજમાં કયા સેમેસ્ટરમાં કયા કોર્સ સાથે અભ્યાસ કર્યો છે




તેવા એક સર્ટિફિકેટ ની પણ જરૂર પડે છે આ ઉપરાંત બોનાફાઈડ સર્ટિફિકેટ ની પણ જરૂર પડે છે બોનાફાઈડ સર્ટિફિકેટ લેવા માટે જરૂરી ફી પણ ચૂકવવી પડે છે આ ઉપરાંત એલસી પણ લેવું પડતું હોય છે હ્વષ્ઠટ્ઠ ના ત્રણ થી ચાર હજાર વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવતી નથી એટલું જ નહીં દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને નાપાસ કરીને રિ ટેસ્ટ લેવામાં આવે છે અને તેના ૧૦૦૦ રૂપિયા લેવામાં આવી રહ્યા છે કેટલાક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે આવી રીતે વિદ્યાર્થીઓને નાપાસ કરીને ફરીવાર પરીક્ષા આપવા માટે મજબૂર કરીને રૂપિયા પડાવી લેવામાં આવે છે અગાઉ પણ કોલેજ મેનેજમેન્ટ દ્વારા જ્યારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે ફીની રીસીપ્ટ માં દર્શાવેલ મુજબ ફી વસૂલ કરવામાં આવી હતી પરંતુ બે મહિના પછી વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ ફીના અઢી હજાર ભરવા પડશે તેવું કહેવામાં આવતા વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો અને ફીની રીસીપ માં આવો કોઈ ઉલ્લેખ કરાયો નથી તેમ છતાં પણ બે કરોડ દસ લાખ ઉઘરાવી લેવામાં આવ્યા હતા તે દરમિયાન આવકવેરાના દરોડા પડ્યા હતા અને આવકવેરા વિભાગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પણ પૂછપરછ કરી હતી તેમાં પણ આ હકીકત ખુલી હતી ત્યારબાદ બરોડાના દિવસે વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી આવકવેરાના દરોડામાં એવી પણ વિગતો બહાર આવી કે સિલ્વર ઓક યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શીતલ અગ્રવાલ વાઈસ ચેર પર્સન પુનમ અગરવાલ જનક ખાંડવાલા શ્વેતા ખાંડ વાલા ના રહેઠાણે અને ઓફિસમાં પણ આવકવેરા વિભાગે નરોડા પાડ્યા હતા એટલું જ નહીં ગુજરાત દિલ્હી ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં પણ ૧૦૦ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

### ધાર્મિક સ્થાનો ઉપર ગાદીનો વિવાદ

# બેટ દ્વારકામાં મહાપ્રભુજીની બેઠકના મુખિયા એ પરણીતાની છેડતી કરતા નવો વિવાદ ઊભો થયો

। દ્વારકા, તા.૭ ।

અમદાવાદ સહિત રાજ્યભરમાં અનેક જગ્યાઓએ સાધુ સંતના વિવાદો ચાલી રહ્યા છે સાધુ સંતોના કામલીલાના વિડીયો અને ફોટોગ્રાફ્સ પણ વાયરલ થઈ રહ્યા છે વડતાલ સ્વામિનારાયણ ના બે સાધુઓની પણ કામલીલા બહાર આવી હતી ત્યાર પછી અનેક વાર સાધુ સંતોના આવા વિડીયો અને જાહેરમાં બેફામ પ્રવચન કરતા વિડીયો પણ બહાર આવતા જાય છે અમદાવાદમાં સરખેજ વિસ્તારમાં આવેલ ભારતી બાપુ આશ્રમ નો પણ વિવાદ થયો હતો ત્યાર પછી અંબાજી મંદિરમાં પણ ગાદીનો વિવાદ ચાલી રહ્યો છે તેવા સમયમાં વધુ એક વિવાદ સામે આવ્યો છે. બેટ દ્વારકામાં મહાપ્રભુજી ની બેઠકના મુખીયા અતુલ ભટ્ટ સામે પણ સ્થાનિક નાગરિકોમાં અને ભક્તોમાં રોષ ફેલાયો છે કેમકે અતુલ ભટ્ટ બેટ મુકામે બ્રહ્મ સમાજની વાડી નજીક એક પરણીતાની છેડતી કરી હતી જોકે મહિલાએ ગુમાબૂમ કરતા આસપાસ રહેતા લોકોના ટોળા ભેગા થઈ જતા અતુલ ભટ્ટ ત્યાંથી ભાગી ગયા હતા અને જુનાગઢ જતા રહ્યા હોવાનું સ્થાનિકોનું માનવું છે પરંતુ પોલીસ દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા લોકોમાં રોષ ફેલાયો છે બેટ દ્વારકા મુકામે રહેતા લોકો પણ મુખિયા સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવું જણાવી રહ્યા છે. શરમ ના કારણે પરણીતા એ પોલીસ ફરિયાદ કરી નથી અને સમાજમાં બદનામી થશે તેવા વિચારે ફરિયાદ કરી નથી પરંતુ સ્થાનિક લોકો અને પોલીસ આ ઘટના જાણતી હોવા છતાં પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી ધાર્મિક સ્થાનો ઉપર બિરાજમાન મુખિયા સામે લોકોમાં ભારે રોઝ ફેલાયો છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં અનેક જગ્યાઓએ સાધુ સંતના વિવાદો ચાલી રહ્યા છે સાધુ સંતોના કામલીલાના વિડીયો અને ફોટોગ્રાફ્સ પણ વાયરલ થઈ રહ્યા છે વડતાલ સ્વામિનારાયણ ના બે સાધુઓની પણ કામલીલા બહાર આવી હતી ત્યાર પછી અનેક વાર સાધુ સંતોના આવા વિડીયો અને જાહેરમાં બેફામ પ્રવચન કરતા વિડીયો પણ બહાર આવતા જાય છે અમદાવાદમાં સરખેજ વિસ્તારમાં આવેલ ભારતી બાપુ આશ્રમ નો પણ વિવાદ થયો હતો ત્યાર પછી અંબાજી મંદિરમાં પણ ગાદીનો વિવાદ ચાલી રહ્યો છે

# સુરતમાં ૪૬ જીમ અને સ્પાના સર્વેમાં ૩૧ પાસે ફાયર એનઓસી જ નથી

। માહિતી બ્યુરોર, ુરત, તા.૭ ।

સુરત શહેરમાં સીટી લાઈટના શિવપૂજા કોમ્પલેક્ષમાં આવેલા સ્પામાં બે યુવતીઓના મોત મામલે સમગ્ર તપાસ આરંભાઈ હતી. જેમાં, આગ્નિકાંડની ઘટના બાદ પોલીસે જીમ અને સ્પાનો સર્વે શરૂ કર્યો હતો. ઉમરા, ખટોદરા, વેસુ સહિત વિસ્તારમાં પોલીસના સર્વેમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.અગ્નિકાંડ મામલે સુરત પોલીસ કમિશનરની સુચના અન્વયે સર્વે તપાસ શરૂ કરી હતી. આ સર્વેમાં જાણવા મળ્યું કે, ૪૬ જીમ અને સ્પાના સર્વેમાં ૩૧ પાસે ફાયર એનઓસી જ નથી. શહેરમાં ફાયર એનઓસી વિના જ જીમ ધમધમી રહ્યાં છે. સ્પા અને કોચિંગ ક્લાસિસ સામે આગામી દિવસોમાં પોલીસ એક્શન લેશે તેમ જાણવા મળેલ છે. ફાયર અને પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવવાની સંભાવના છે. સુરતના ઉમરા, ખટોદરા, વેસુ, અલથાણ, પાંડેસરા, અઠવા વિસ્તારમાં સર્વે કરાયો હતો. સુરત પોલીસના સર્વેમાં ચોકાવનારી બાબતો સામે આવી હતી.સુરત શહેરમાં એક મહિના અગાઉ સિટીલાઈટ વિસ્તારમાં અમૃતયા સ્પામાં મોડીરાત્રે આગ લાગતા બે યુવતીઓના મોત થયાનું સામે આવ્યું છે. આગ જીમ સુધી પહોંચી જતા જીમ પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. ઘટનામાં અન્ય ૩ યુવતીઓનો બચાવ થયો હતો. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.







## તંત્રી લેખ..

# સંકટથી પણ આગળ

દેશમાં જળ સંકટ પર નીતિ આયોગના હાલના રિપોર્ટથી કેટલીક ખૌફનાક સ્થિતી સપાટી પર આવી ગઈ છે. જો કે એવા કોઈ સંકેત મળતા નથી કે સરકારની નીતિ પર અને પ્રાથમિકતા પર તેની કોઈ પ્રતિકુળ અસર થનાર છે. આવા જ કારણે એવી શંકા રહેલી છે કે આ રિપોર્ટ પર અગાઉના રિપોર્ટની જેમ જ થોડાક દિવસ ચર્ચામાં રહ્યા બાદ હવા થઈ જશે. દર વર્ષે આ પ્રકારના હેવાલ સપાટી પર આવતા રહે છે. રિસર્ચ અને અભ્યાસ હેવાલો સપાટી પર આવતા રહે છે. નીતિ આયોગના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમે ઈતિહાસના સૌથી ભીષણ જળ સંકટના દૌરમાંથી પસાર થઈ રહ્યા છીએ. શુદ્ધ પાણી ન મળવાના કારણે વાર્ષિક બે લાખ લોકોના મોત થઈ જાય છે. વર્ષ ૨૦૨૦ સુધી દેશના ૨૧ શહેર ભૂગર્ભ જળની કમીના કારણે મુશ્કેલનો સામનો કરી રહ્યા હતા. વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં પાણીની માંગ આના પુરવઠા કરતા બે ગણી થઈ જશે અને સમસ્યા વધારે વિકરાળ બની જશે. રિપોર્ટમાં અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ છે. પાણીની આ કમીના જીડીપી પર પડનાર અસરને પણ ધ્યાનમાં લઈને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ જળ સંકટના કારણે જીડીપીમાં છ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. રિપોર્ટમાં દર્શાવાયેલી સ્થિતી તમામ લોકોની આંખો ખોલી નાંખે છે. જો કે આ બાબતને પણ નકારી શકાય નહી કે તે પહેલા પણ આવા હેવાલ આવતા રહ્યા છે. દર વર્ષે વરસાદની સિઝનની શરૂઆત થાય તે પહેલા કોઈને કોઈ જળ સાથે સંબંધિત સંસ્થા દ્વારા પાણીના સંકટને લઈને રિપોર્ટ જારી કરે છે. એટલે કે સરકાર અને નિષ્ણાંતો પરિસ્થિતીની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સ્થિતીથી વાકેફ હોવા છતાં વરસાદના પાણીને બચાવવા, પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા રાખવા અને ભૂગર્ભ જળને લઈ ચર્ચા રહી છે. આની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. સરકારની પ્રાથમિકતામાં આ મુદ્દો દુર દુર સુધી દેખાતો નથી. પાણીની ચિંતા કર્યા વગર દરેક નાના મોટા શહેરમાં નવી નવી કોલોની બની રહી છે. આને વિકાસની જીવિત તસ્વીર તરીકે પણ ગણવામાં આવે છે. આ તમામ કોલોની સુધી પાણી કઈ રીતે પહોંચી જશે અને ગંદા પાણીનો નિકાલ કઈ રીતે કરવામાં આવનાર છે તેને લઈને કોઈ વ્યવસ્થા કે આયોજન સરકાર અથવા તો સંબંધિત લોકો દ્વારા કરવામાં આવતુ નથી. એકંદરે અમે આઈન્સટાઈનની ડાયરીના હવાલેતી આવેલી રિપોર્ટ પર ખરા ઉતરી રહ્યા છીએ. જેમાં કહેવામાં આવે છે કે ભારતીય ૧૫ મિનિટથી વધારે આગળ પાછળ વિચારવા માટેની શક્તિ ધરાવતા નથી. પાણીની ચિંતાને સરકારની પ્રાથમિકતામાં સામેલ કરવામાં આવશે તો જ નીતિ આયોગની સફળતાને યોગ્ય ગણી શકાશે.

# મહિલાઓમાં વિટામિન ડીની કમી છે

ભારતીય મહિલાઓના આરોગ્યને લઈને ફરી એકવાર નવી ચર્ચા છેડાઈ ગઈ છે. આનુ મુખ્ય કારણ હાલમાં જારી કરવામાં આવેલા એક રિપોર્ટના તારણને ગણવામાં આવે છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં કુલ ૭૪ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી રહેલી છે. વિટામિન ડીની કમીના કારણે અનેક પ્રકારની બિમારીઓને આમંત્રણ મળે છે. આ મામલામાં ઉત્તર ભારતમાં રહેતી મહિલાઓની સ્થિતી સૌથી ખરાબ હોવાનુ સપાટી પર હવે આવ્યુ છે. વિટામિન ડી શરીર માટે ખુબ ઉપયોગી છે. આવી સ્થિતીમાં વિટામિન ડીની કમી હોવાની સ્થિતીમાં મહિલાઓને જુદી જુદી તકલીફ થાય છે. જેમાં ઓસ્ટિયોપોરોસિસ, ડાયાબિટીસ, જોડમાં પીડા અને પગમાં સોઝા જેવી બાબતનો સમાવેશ થાય છે. દિલ્હી મેડિકલ એસોસિએશન ના પૂર્વ અધ્યક્ષ અને સિનિયર ફિજિશિયન ડોક્ટર અનિલ બંસલ કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમીનુ મુખ્ય કારણ એ હોય છે કે દેશમાં મોટા ભાગની મહિલાઓ સાડી, સલવાર કુરતા પહેરે છે. જેના કારણે તેમના શરીરવિટામિન ડી બનાવનાર મુખ્ય સ્ત્રોત સુરજની કિરણોને પૂર્ણ રીતે ઢાકી દે છે. હજુ સુધી સ્થાનિક મહિલાઓમાં જ અથવા તો ઘરમાં રહેતી મહિલાઓમાં વધારે પ્રમાણમાં વિટામિન ડીની કમી રહેતી હતી. કારણ કે નોકરી કરતી મહિલાઓ પણ વધારે સમય સુધી ઓફિસમાં રહે છે. જેથી સુર્ય પ્રકાશથી વંચિત રહે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કુદરતી રીતે શરીરમાં વિટામિન ડીની કમીને રોકવા માટે સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે સુર્યની રોશની છે. જો સવારે અથવા તો સાંજે આશરે એક કલાક સુધી સુર્યની સામે રહેવામાં આવે તો વિટામિન ડીની કમીથી બચી શકાય છે. વિટાંમિન ડી સપ્લીમેન્ટ પણ લઈ શકાય છે. વિટામિન ડી ઈન્ડાના પીળા હિસ્સામાં હોય છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે.



## કેટલાક શહેરોમાં એકથી વધારે વિમાનીમથક બનાવવાને મહત્વ

**ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઇને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઇ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી.જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી.**

# નવા એરપોર્ટ નિર્માણને પણ મહત્વ

**વિમાનમાં મુસાફરી કરતા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે : તમામ નાના પરંતુ વિકાસ તરફ વધતા શહેરોમાં એરપોર્ટ હશે**

દેશમાં વિમાનીમથકોની સંખ્યા વધારી દેવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. કેટલાક મોટા શહેરોમાં તો આવનાર દિવસોમાં એક કરતા વધારે વિમાનીથક રહેનાર છે. કારણ કે દેશમાં વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા પણ છેલ્લા છ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. આનાથી સીધો ફાયદો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશના ઓછામાં ઓછા ૨૦ શહેરોમાં ત્યાં રહેલા વિમાનીમથક ઉપરાંત એક વધુ વિમાનીમથકની જરૂર પડનાર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ શહેરોમાં મુંબઈ, દિલ્હી, ગોવા, વિશાખાપટ્ટનમ, જયપુર, પુણે, કોલકત્તા અને બેંગલોરનો સમાવેશ થાય છે. એક અભ્યાસમાં આ મુજબન વાત સપાટી પર આવી છે. આ હેઠળ આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે કે કયા શહેરમાં વિમાનીમથક ક્યારે પોતાની ક્ષમતાને હાંસલ કરી લેશે. અલબત્ત ક્ષમતા પૂર્ણ થયાના પાંચ વર્ષ પહેલા જ નાગરિક ઉડ્ડયન મંત્રાલય જુદા જુદા રાજ્યોની સરકારોને વિમાનીમથક માટે જમીન આપી દેવા માટે અપીલ કરશે. કેટલાક મોટા વિમાનીમથકોથી તેમની ક્ષમતા કરતા વધારે યાત્રી મુસાફરી કરી રહ્યા



છે. દિલ્હી દાખલા તરીકે લઈ શકાય છે. ગયા વર્ષે દિલ્હી વિમાનીમથકથી આશરે સાઢા છ કરોડ પ્રવાસીઓએ યાત્રા કરી હતી. આ સંખ્યા આ વર્ષે સાત કરોડ સુધી પહોંચે તેવી શક્યતા છે. આ ગતિથી આ વિમાનીમથક પર યાત્રી બોજ તેની ક્ષમતા કરતા ખુબ વધારે થઈ જશે. ક્ષમતા પૂર્ણ કરી ચુકેલા વિમાનીમથકોના વિસ્તરણ માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક વિમાનીમથક એવા પણ છે જે વિમાનીમથકના વિસ્તરણ માટે કોઈ સંભાવના રહેલી નથી. ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઈને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઈ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી.જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી. દક્ષિણ કોરિયા ૮.૧ ટકાની સાથે ત્રીજા સ્થાને રહ્યુ હતુ. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૨૫ સુધી ભારત બ્રિટનને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી મોટા નેટવર્ક તરીકે ઉભરી આવશે. હકીકત એ છે કે ભારતમાં મધ્યમ વર્ગમાં ઝડપથી વધારો થયો છે. તેમની ખરીદી શક્તિમાં વધારો થયો છે. સાથે સાથે તેમની દેશન અંદર અવરજવર પણ વધી ગઈ છે. મધ્યમ વર્ગના લોકો તેમની યાત્રા પર વધારે ખર્ચ કરવા માટે તૈયાર દેખાઇ રહ્યા છે. જેથી નાના નાના શહેરોમાં પણ વધારે વિમાની યાત્રી જોવા મળી શકે છે. ખાનગીકરણ બાદ કેટલીક વિમાની કંપનીઓ લો કોસ્ટ સેવા શરૂ કરી ચુકી છે. જેથી આ સેક્ટરનુ કદ વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં યાત્રીઓની વધતી જતી સંખ્યા વચ્ચે વિમાનીમથકોની ક્ષમતાને વધારી દેવાની જરૂર છે. સ્થાનિક યાત્રીઓની સાથે સાથે વિદેશી પ્રવાસીઓ માટે પણ અમારા વિમાનીમથકોને ટેકનિકની દ્રષ્ટિએ વધારે પ્રોફેશનલ બનાવી દેવાની જરૂર છે. એર ટ્રાફિક મેનેજમેન્ટને લઈને પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે. મોદી સરકાર વારંવાર કહી રહી છે કે દેશમાં હવાઈ ચંપલ પહેરનાર વ્યક્તિ વિમાની યાત્રા કરી શકે તે માટે યોજના તૈયાર કરવામાં આવી રહી છે. નવા નવા વિમાનોના ઓર્ડર આપવામાં આવીરહ્યા છે. દેશમાં વિશ્વાસનો માહોલ છે. સાથે સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં તેજી આવી રહી છે જેની સીધી અસર જોવા મળી રહી છે. એરપોર્ટ પર ક્ષમતાને સુધારી દેવા માટે આગામી દિવસોમાં ઝડપથી કામ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આના માટેના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે.



## ભારતમાં ૧૦ લાખથી વધુની વસ્તીવાળા ૫૦થી વધારે શહેરો છે

**શહેરી તૈયારીઓમાં હિટવેવ્ય જેવી ઘટનાઓને લઇને યોજના બનાવવાની જરૂર દેખાઇ રહી છે તે હવે જાહેર આરોગ્યની કોઇ સમસ્યા તરીકે રહી ગઇ નથી સ્થાનિક એકમોને શ્રમ, પાણી, અને વીઝળી જેવા ક્ષેત્રોમાં સમન્વય કરવાની જરૂર દેખાઇ રહી છે**

# જળવાયુ પરિવર્તન : અમે કેટલા તૈયાર

**કેટલાક શહેરો દરિયા અને નદીની પાસે હોવાથી જળવાયુ પરિવર્તન પ્રત્યે ખુબ સંવેદનશીલ બન્યા છે : શહેરો માટે વિકાસ સર્વોપરિ એજન્ડો જરૂરી**

જળવાયુ પરિવર્તન પર અમે કેટલા તૈયાર છીએ તેને લઈને હમેંશા ચર્ચા રહે છે. જળવાયુ પરિવર્તનની અસરથી ભારતના તમામ શહેરો અને વિસ્તારો પ્રભાવિત થનાર છે. વર્ષ ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ થઈ જશે. તેના મોટા ભાગના હિસ્સા શહેરી રહેનાર છે. તે વખતે રહેવાલાયક શહેરો માટે વિકાસ સર્વોપરીના એજન્ડાને આગળ વધારીને આગળ વધવાની જરૂર પડનાર છે. આ એજન્ડાને પાર પાડવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહેનાર છે. ભારતના નીતિ નિર્માતાઓને દેશના શહેરોની જળવાયુ અને ભૌગોલિક વિવિધતાને સમજવાની ખુબ જરૂર છે.

અહીં ૧૦ લાખથી ઉપરની વસ્તીવાળા ઓછામાં ઓછા ૫૦ શહેર રહેલા છે. આમાંથી કેટલાક શહેરો જેમ કે ચેન્નાઈ, મુંબઈ જેવા શહેરો દરિયાઈ અથવા તો નદીની પાસે હોવાથી ખુબ સંવેદનશીલ છે. તેમ છતાં હાલના દિવસોસુધી શહેરના પ્લાનિંગ એજન્ડામાં જળવાયુ પરિવર્તન સામે મુકાબલો કરવા માટે કેટલાક સ્થાયી ઉપાયનો અભાવ દેખાય છે. મુંબઈ, સુરત અને કોલકત્તામાં એક સિરિઝની શરૂઆત કરવામાં આવી ચુકી છે. સરકારના સ્માર્ટ સિટી પ્લાન જળવાયુ પરિવર્તનનો મુકાબલો કરવા માટે આ દિશામાં એક નવી શરૂઆત છે. આ સ્માર્ટ સિટી પહેલ



સ્વાગતયોગ્ય શરૂઆત તરીકે છે. આવી જ રીતે ઈન્ડિયા કુલિંગ એક્શન પ્લાનનો હેતુ ૨૦૩૮ સુધી કુલિંગ ડિમાન્ડને ૨૫ ટકા સુધી અને રફ્રીજરેન્ટની માંગને ૨૫-૩૦ ટકા સુધી ઘટાડી દેવાની રહેલી છે. કેટલાક શહેરોએ આંતરરાષ્ટ્રીય સહકારની પહેલ કરી છે. જો કે આ પ્રકારની પારસ્પિક સહકારની યોજનાઓ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની મંજુરી અને નાણાંકીય સહાયતા પર નિર્ભર રહેવાની ફરજ પડે છે. કોઈ શહેરી ક્ષેત્રમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે લેવામાં આવેલા કોઈ પણ પગલા માટે જરૂરી છેકે તેને સ્થાનિક સ્તર પર તૈયાર કરીને તેને અમલી કરવામાં આવે. આની ખાતરી કરવા માટે સ્થાનિક સ્તર પર સશક્તિકરણની સાથે સાથે અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણને બદલી નાંખવાની જરૂર છે. અસંતુલન યોગ્ય રીતે રાખવા માટે વિકાસ સર્વોપરીના દ્રષ્ટિકોણને જાળવી રાખવાની જરૂર છે. અમને પારસ્પિક લાભના દ્રષ્ટિકોણની જરૂર છે. જે બંને પક્ષોની લાભની વાત કરી શકે છે. આવા દ્રષ્ટિકોણને અપનાવવાની જરૂર છે જેના કારણે સંઘર્ષની સ્થિતી ઉભી થઈ શકતી ન હોય. આ પ્રકારના દ્રષ્ટિકોણથી વધારે સારી ઉર્જા પ્રાપ્ત થઈ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે કોલકત્તા આશરે ચાર વર્ષની બે બેક અવધિના રોકાણ કરીને ૨૦૨૫ સુધી પોતાના કાર્બન ઉત્સર્જનને સરળતાથી ૨૧ ટકા ઘટાડી શકે છે. આ રોકાણથી થયેલી આવકને ફરી રોકાણ કરવાના કારણે શહેરી ક્ષેત્રો માટેકાર્બન ઉત્સર્જનમાં વધારે ઘટાડો થઈ શકે છે. જળવાયુ પરિવર્તનની યોજનાને લઈને ભારતની રાષ્ટ્રીય કાર્યયોજના ૨૦૦૮ના આ જ દ્રષ્ટિકોણને એકીકૃત તરીકે રજૂ કરે છે. જો કે આને જમીની સ્તર પર ઉતારવા માટે ખાસ ઉપાય કરવાની જરૂર દેખાઈ રહી છે. અમારા શહેરોને પ્રાથમિકતાના આધાર પર જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે યોજના બનાવવા અને પહેલ કરવાની જરૂર દેખાઈ રહી છે.

પાણી સોખી લેનાર માટી પર શહેર વસાવવા માટે અને કુદરતી પુરના મેદાનમાં નિર્માણને રોકવાની જરૂર દેખાઈ રહી છે. શહેરી તૈયારીઓમાં હિટવેવ્ય જેવી ઘટનાઓને લઈને યોજના બનાવવાની જરૂર દેખાઈ રહી છે. તે હવે જાહેર આરોગ્યની કોઈ સમસ્યા તરીકે રહી ગઈ નથી. સ્થાનિક એકમોને શ્રમ, પાણી, અને વીઝળી જેવા ક્ષેત્રોમાં સમન્વય કરવાની જરૂર દેખાઈ રહી છે. જળવાયુ પરિવર્તનની અસરથી દરેક ક્ષેત્ર જોરદાર રીતે પ્રભાવિત થઈ રહ્યા છે. ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ સુધી પહોંચી જશે. તેનો મોટા ભાગનો હિસ્સો શહેરી રહેનાર છે. સમય રહેતા તૈયારી કરવાની જરૂર છે. ભવિષ્યમાં પર્યાવરણને લઈને સમસ્યા આવનાર છે.

## ટેકનોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે । વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શન

# ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે.

ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર



ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે.

આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઈ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઈ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે જે આસપાસ હાજર નથી.

હજુ સુધી આનો ઉપયોગ પાયલોટ ટ્રેનિંગ અથવા તો હેલ્થકેર સેક્ટરમાં થતો રહ્યો છે. જો કે હવે ગેંમિંગ અને અન્ય એન્ટરટેઈનમેન્ટનના ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધવા લાગી ગયો છે. આનો ઉપયોગ વધવાના કારણે આ સેક્ટર સ્મોલ બિઝનેસના કેટલાક અવસર આપે છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### અપારશક્તિ રોજ પોતાના મોટા ભાઈને પગે લાગે છે

# ‘આયુષ્યમાન મારી સાથે સ્ટાર જેવું વર્તન કરે તો અમે ‘રામ-લક્ષ્મણ’ નહીં રહીએ’



એક્ટર અને સિંગર ભાઈઓ આયુષ્માન ખુરાના અને અપારશક્તિ ખુરાના વચ્ચે એટલો મિત્રતાભર્યો અને રામ-લક્ષ્મણ જેવો છે, તે દરેક જાણે છે. ચંદીગઢમાં જન્મેલા અને ઉછરેલા આ બંને ભાઈઓ એક સરખી કેરિઅર પસંદ કરી છે. જોકે, આયુષ્માન લીડ એક્ટર તરીકે વૈવિધ્યસભર રોલ કરી ચૂક્યો છે, જ્યારે અપારશક્તિ હજુ પણ સપોર્ટિંગ રોલમાં જોવા મળે છે, છતાં પોતાના અભિનય દ્વારા તે તેને યાદગાર બનાવતો રહે છે. પોતાનાથી વધુ સફળ ભાઈ વિશે તાજેતરમાં અપારશક્તિએ એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે જે દિવસે આયુષ્યમાન તેની સાથે એક મોટા સ્ટાર જેવું વર્તન કરશે તે દિવસે તેમનો સંબંધ તૂટી જશે. અપારશક્તિને આ ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે બંને ભાઈ વચ્ચેની સરખામણીના કારણે તેમના સંબંધમાં કોઈ ફરક આવે છે, ત્યારે અપારશક્તિએ કહ્યું, “ક્યારેય નહીં, ૨૦૦ ટકા નહીં. મેં પોતે ક્યારેય આવી સરખામણી જોઈ જ નથી. અમે બંને દરરોજ સાંજે સાથે જમીએ છીએ, ત્યારે તમે અમને જુઓ તો આ પ્રશ્ન તમે પુછી જ નહીં શકો. અમે બંને એક જ બિલ્ડીંગમાં રહીએ છીએ અને દરરોજ રાત્રે સાથે જમીએ છીએ. લોકો કહે એમાં અમારા સંબંધને કોઈ ફેર નથી પડતો, જ્યારે મારો ભાઈ મને અહેસાસ કરાવશે કે એ કોઈ મોટો સ્ટાર છે, ત્યારે અમારો સંબંધ પૂરો થઈ જશે.”

# બોલિવૂડ ડાયરેક્ટરના પુત્ર અગ્નિ ચોપરાનું નસીબ ચમકશે!

### મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે



બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર વિધુ વિનોદ ચોપરાનો દીકરો અગ્નિ ચોપરા હાલમાં રણજી ટ્રોફીમાં રનનો ઢગલો કરી રહ્યો છે. અગ્નિ ચોપરા શાનદાર બેટિંગ કરી રહ્યો છે.અગ્નિ ચોપરાના પિતા વિધુ વિનોદ ચોપરા બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર છે. તેમણે ૩ ઈડિયટ્સ ફિલ્મ બનાવી છે. હવે તેનો દિકરો અગ્નિ ક્રિકેટમાં ધમાલ મચાવવા તૈયાર છે.રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં મિઝોરમ તરફથી રમતા અગ્નિ ચોપરાએ અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ રમાયેલી ૨ ઈનિંગ્સમાં સદી ફટકારી છે. તેમણે પહેલી ઈનિંગ્સમાં ૧૧૦ અને બીજી ઈનિંગ્સમાં ૨૩૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી.આ પહેલા અગ્નિ ચોપરાએ સિક્કમ વિરુદ્ધ ૫૧ અને ૨૯ રન બનાવ્યા હતા. અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ તેમણે બેવડી સદી ફટકાર્યા બાદ આઈપીએલ ઓક્શનમાં પણ પોતાની દાવેદારી મજબુત કરી લીધી છે. જેમાં ૩ ફ્રેન્ચાઈઝીએ તેમને આઈપીએલ ૨૦૨૪ ઓક્શનમાં ખરીદી શકે છે.મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે. કારણ કે, અગ્નિએ મુંબઈ માટે જૂનિયર ક્રિકેટ રમ્યો છે.આ સિવાય આરસીબી અને પંજાબ પણ બોલી લગાવી શકે છે.અગ્નિએ ગત્ત સીઝનમાં મેઘાલય વિરુદ્ધ સદી ફટકારી હતી. તેમણે ૧૦૫ રન બનાવ્યા હતા. અત્યારસુધી રમાયેલી ૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં તેણે ૯૧.૧૩ની એવરેજથી ૧૩૬૭ રન બનાવ્યા છે. તેણે ૭ લિસ્ટ છ મેચમાં ૧૭૪ રન બનાવ્યા છે. આ ખેલાડીઅ-૨૦ મેચમાં ૨૩૪ રન બનાવ્યા છે.

# અજય દેવગન છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી ઓછી ઓપનિંગ મેળવશે

### ‘ઓરોં મેં કહાં દમ થા’ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે



‘ઓરોં મેં કહાં દમ થા’ના રિવ્યુ ખૂબ જ નેગેટિવ છે અને દર્શકોમાં ફિલ્મ વિશેની ચર્ચા નહિવત છે. એવું કહેવું ખોટું નહીં હોય કે ઘણા લોકોને ખબર પણ નથી કે અજય અને તબ્બુની આવી ફિલ્મ રિલીઝ થઈ રહી છે. બોલિવૂડ સ્ટાર અજય દેવગણે આ વર્ષે ‘શૈતાન’ જેવી મોટી હિટ ફિલ્મ આપી હતી. પરંતુ આ પછી તેની બીજી રીલિઝ થયેલી ‘મેદાન’ થિયેટરોમાં ખાસ કમાલ ના કરી શકી અને આ મોટા બજેટની ફિલ્મ ફ્લોપ સાબિત થઈ. અજયના ચાહકોને આશા હતી કે હવે તે ફરી એકવાર તેની નવી રિલીઝ ‘ઓરોં મેં કહાં દમ થા’ સાથે થિયેટરોમાં હિટ કરશે. અને આવી અપેક્ષાઓ કેમ ન હોવી જોઈએ... અજયની સાથે તબ્બુ પણ આ ફિલ્મમાં છે અને બંનેએ ઘણી મોટી હિટ ફિલ્મો આપી છે. ફિલ્મના બંને પાત્રો એક પરિપક્વ રોમેન્ટિક વાર્તા લઈને આવ્યા છે. ‘ઓરોં મેં કહાં દમ થા’ના નિર્દેશક નીરજ પાંડે છે, જેમણે ‘બેબી’ અને ‘સ્પેશિયલ ૨૬’ જેવી મોટી સરપ્રાઈઝ હિટ ફિલ્મો આપી છે. પરંતુ આ નક્કર સંયોજન છતાં અજયની ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ જતી હોય તેવું લાગી રહ્યું છે. અને ફિલ્મના એડવાન્સ બુકિંગના આંકડા આ વાતની સાક્ષી આપે છે... નિર્માતાઓએ પહેલા જ દિવસથી ‘ઓર મે કૌન દમ થા’ માટે ટિકિટો પર ઓફર્સની જાહેરાત કરી હતી. પરંતુ ‘વન વિથ વન ફ્રી’ ટિકિટ હોવા છતાં દર્શકોને અજય અને તબ્બુની ફિલ્મમાં રસ હોય તેવું લાગતું નથી. રાષ્ટ્રીય સાંકળોમાં ફિલ્મનું એડવાન્સ બુકિંગ બોક્સ ઓફિસ પર ફિલ્મની સ્થિતિ વિશે જણાવે છે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.


# ‘સિટાડેલ હની બની’માં સામંથા, વરુણે એક્શનની જમાવટ કરી

### મેં ક્યારેય વિચાર્યુ નહોતું કે હું એક્શન કરીશઃ સામંથા

સિટાડેલના ફેન્સની આતુરતાનો અંત નજીક આવી રહ્યો છે. વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુની એક્શન પેકડ સિરીઝ સિટાડેલનું ટીઝર ગુરુવારે લોંચ થઈ ગયું છે. આ પહેલા સિટાડેલ ફેન્સ પ્રિયંકાને આ એક્શન થ્રિલરમાં જોઈ ચૂક્યા છે. સિટાડેલ યુનિવર્સનું ઈન્ડિયન વર્ઝન ‘હનીબની’નામથી ઓળખાય છે. જે થ્રિલ, જાસૂસીની એક જોરદાર સફર, રોમાન્સ અને પોતાની જાતની શોધની સફરથી ભરપૂર હશે. આ અઠવાડિયાની શરૂઆતમાં આ સિરીઝના મેકર્સ રાજ અને ડીકેએ એક્સ પર ‘૦૧.૦૮’ લખીને આજની તારીખની જાહેરાત કરી હતી. જેવું તેમણે આ પોસ્ટ કર્યું એવા ફેન્સ ઉત્સાહમાં આવી ગયા હતા. આ સિરીઝમાં વરુણ ધવન અને સામંથા રુથ પ્રભુ ઉપરાંત કે કે મેનન, સિમરન, સોહમ મજમુદાર, શિવંકિત સિંહ પરિહાર, કાશ્વી મજમુદાર, સાકિબ સલીમ અને સિકંદર ખેર મહત્વના રોલમાં જોવા મળશે. આ સિરીઝ વિશે સામંથાએ કહ્યું હતું, “મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું એક્શન કરીશ. પરંતુ આજે, મારા માટે, આ સિરીઝમાં હોવું એ જ મારી સૌથી મોટી જીત છે. કારણકે મને છેલ્લી ઘડી સુધી એવું હતું કે હું નહીં કરી શકું. મને નહોતું લાગતું કે હું સિટાડેલનો ભાગ બની શકીશ. મારે માત્ર ફિઝિકલ તૈયારી જ કરવી પડી હતી.



# ‘કંગુવા’ ઈફેક્ટઃ સુરિયાની આગામી ફિલ્મ ‘કર્ણ’ અટકી



તમિલ સુપરસ્ટાર સુરિયાની ‘કંગુવા’નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી ‘કંગુવા’ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે ‘કર્ણ’નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની ‘કંગુવા’ પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ ‘કર્ણ’ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ ‘કર્ણ’ બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને ‘કંગુવા’ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે ‘કર્ણ’માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો.

# સલમાને લૉંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યું : ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં ‘વીર’ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લોંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કેફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે ‘વીર’ પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કેફ સાથે થાય છે. તેણે કહ્યું,“મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.” જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કેરિઅર પર મોટું બેકફાયર થયું. આ જ પોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યુ કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક “ખોવાયેલાં બાળક” જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,“હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લોંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.” ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ.



# કરીના કપૂર પછી હવે હુમા કુરેશી ડિટેક્ટિવ રોલમાં જોવા મળશે

### હુમા કુરેશી પહેલી વખત પોલિસ ઓફિસરના રોલમાં

હુમા કુરેશી તેની આગામી ફિલ્મ ‘બયાન’માં એક પોલિસ ડ્રામા ફિલ્મમાં એક ડિટેક્ટિવના રોલમાં જોવા મળશે અને તેના માટે તે ઘણી ઉત્સાહીત પણ છે. તેની આ ફિલ્મ બુસાનના એશિયન પ્રોજેક્ટ માર્કેટમાં પણ મોકલવામાં આવશે.બિકાસ રંજન મિશ્રાએ ડિરેક્ટ કરેલી ‘બયાન’ એક એવી મહિલા ડિટેક્ટિવ પર આધારિત ફિલ્મ છે, જે એક લીડ ઈન્વેસ્ટિગેટર તરીતે રાજસ્થાનના નાના ગામમાં પોતાના પહેલા કેસની તપાસ કરવા માટે જાય છે. જ્યાં તેના વિરોધીનો સ્થાનિક ક્ષેત્રે સમાજિક રીતે અને વહીવટીતંત્રમાં બહુ પ્રભાવ હોવાથી તેને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. સાથે તેને પોતાના સસરાની છબિને પણ જાળવી રાખવાના હોય છે. બિકાસ રંજન મિશ્રાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ ગ્રામ્ય વિસ્તારોના મૂળમાં રહેલી પિતૃ સત્તાક સમાજ વ્યવસ્થા અને તેના કારણે મહિલાઓ માટે રચાતા એક દબાણ અને સંકુચિત માહોલ પર પ્રકાશ પાડે છે. તેમણે જણાવ્યું કે તેમનો આ ફિલ્મ બનાવવા પાછળનો હેતુ કોઈ સલાહ-સૂચન કરવાનો નથી પણ આ પ્રકારના માહોલની લોકોના જીવન પર થતી અસર અને તેને દ્વારા લોકોને એ અનુભવ કરાવવાનો છે કે આ માહોલથી ખરેખર કઈ હદ સુધીના પરિણામો આવી શકે છે.હુમા કુરેશી પહેલી વખત એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. તેથી તે આ ફિલ્મ માટે ઘણી ઉત્સાહિત છે. તેણે જણાવ્યું,“હું એવી ફિલ્મ પસંદ કરું છું જેની વાર્તા સાથે હું મારી જાતને જોડી શકું. હું હંમેશા અલગ અલગ પ્રકારની ફિલ્મો કરવાનો પ્રયત્ન કરું છું. જો તેમાં મને એક કલાકાર તરીકે કોઈ નવો પ્રયોગ કરવા મળતો હોય તો મને એનો ભાગ બનવું ગમે છે. મને જ્યારે ‘બયાન’ ઓફર થઈ ત્યારે હું એની વાર્તા, પાત્ર, ફિલ્મનો હેતુ અને આ વાર્તા લોકો સમક્ષ લાવવાનું પેશન મને બહુ ગમ્યું.”



સીરિયાની મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવે છે

# હાલમાં સીરિયાની મુસાફરી ખૂબ જ જોખમી વિદેશ મંત્રાલયે જાહેર કરી એડવાઈઝરી

**સીરિયામાં હાજર ભારતીય નાગરિકોને દમાસ્કસમાં ભારતીય દૂતાવાસના ઈમરજન્સી હેલ્પલાઈન નંબર અને ઈમેલ આઈડી પર સંપર્કમાં રહેવા વિનંતી કરવામાં આવી**

। નવીદિલ્હી, તા.૭ ।

સીરિયામાં દિવસેને દિવસે બગડતી પરિસ્થિતિ વચ્ચે વિદેશ મંત્રાલયે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં ભારતીય નાગરિકોને આગામી આદેશ સુધી સીરિયાની મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે સીરિયામાં સ્થિતિ ખરાબ છે. હાલમાં સીરિયાની મુસાફરી ખૂબ જ જોખમી છે.વિદેશ મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "સીરિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિકોને આગામી આદેશો સુધી સીરિયાની મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવે છે." તેમજ જે લોકો સીરિયામાં છે તેઓને વહેલી તકે સીરિયા છોડી દેવાની સલાહ આપવામાં આવી છે. વિદેશ મંત્રાલયે ઈમરજન્સી હેલ્પ લાઈન નંબર ૯૬૩૯૯૩૩૮૫૯૭૩ અને ઈમેલ આઈડી પણ જારી કર્યો છે.સીરિયામાં હાજર ભારતીય નાગરિકોને દમાસ્કસમાં ભારતીય દૂતાવાસના ઈમરજન્સી હેલ્પલાઈન નંબર (વોટ્સએપ પર પણ) અને ઈમેલ આઈડી પર સંપર્કમાં રહેવા વિનંતી કરવામાં આવી છે. જે લોકો સીરિયામાંથી બહાર નીકળવા સક્ષમ છે તેઓએ શક્ય તેટલી વહેલી તકે ત્યાં જવું જોઈએ. સીરિયામાં રહેતા ભારતીયોને પણ તેમની સલામતી અંગે ખૂબ કાળજી રાખવા અને તેમની હિલચાલ મર્યાદિત કરવા માટે કહેવામાં આવ્યું છે.તમને જણાવી દઈએ કે દેશના સૌથી મોટા શહેર અલેપ્પોના મોટા ભાગના વિસ્તાર પર કબજો કર્યા બાદ વિદ્રોહીઓએ ગુરુવારે મધ્ય સીરિયન શહેર હોમ્સ પર પણ મોટા પ્રમાણમાં કબજો કરી લીધો છે. હોમ્સ શહેરમાંથી હજારો લોકો ભાગી ગયા છે. વિદ્રોહીઓએ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ વિરુદ્ધ તેમના અભિયાનમાં સંભવિત રીતે મોટા હુમલા માટે તૈયારી કરી લીધી છે.

પરિવહન મંત્રીએ લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરીને વધુ સાવચેત રહેવાની અપીલ કરી

# આઇવરી કોસ્ટમાં ભયાનક માર્ગ અકસ્માત બાદ બસમાં આગ લાગી । ૨૬ લોકોનાં મોત, ૨૮ ઘાયલ

**ગયા મહિને પણ દેશમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો । અકસ્માતમાં ૨૧ લોકોના મોત થયા છે અને ૧૦ લોકો ઘાયલ થયા । મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે**



। આબિદજાન, તા.૭ ।

આઈવરી કોસ્ટમાં એક ભયાનક અકસ્માત થયો છે. અહીં બે બસો વચ્ચેની ભયાનક અથડામણમાં ઓછામાં ઓછા ૨૬ લોકોના મોત થયા છે અને ૨૮ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓએ આ અકસ્માતની માહિતી આપી છે. પરિવહન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશના મધ્ય-પશ્ચિમમાં બ્રોકોઆ ગામમાં બે વાહનો અથડાયા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે.

પરિવહન મંત્રાલયના જણાવ્યા અનુસાર, અથડામણ બાદ લાગેલી આગમાં મૃત્યુ પામેલા ૨૬ લોકોમાંથી દસ લોકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. સ્થાનિક મીડિયા દ્વારા પ્રસારિત કરવામાં આવેલા આ ઘટનાના વીડિયોમાં બે વાહનોને આગ લાગતા જોઈ શકાય છે. માર્ગ અકસ્માત બાદ વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો.

અકસ્માત બાદ પરિવહન મંત્રાલય તરફથી એક નિવેદન જારી કરવામાં આવ્યું છે. નિવેદનમાં, પરિવહન મંત્રીએ લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરીને વધુ સાવચેત રહેવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે ટ્રાફિકના નિયમોનું પાલન કરવાથી માર્ગ અકસ્માતો ટાળી શકાય છે. મંત્રીએ પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

દરમિયાન, અમે તમને એ પણ જણાવી દઈએ કે પશ્ચિમ આફ્રિકાના દેશમાં ખરાબ રસ્તાઓ અને બેદરકાર ડ્રાઈવિંગને કારણે રોડ અકસ્માતો સામાન્ય છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર દર વર્ષે આવા અકસ્માતોમાં એક હજારથી વધુ લોકો જીવ ગુમાવે છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે અત્યાર સુધી લેવાયેલા પગલાં બિનઅસરકારક જણાય છે.ગયા મહિને પણ દેશમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૨૧ લોકોના મોત થયા છે અને ૧૦ લોકો ઘાયલ થયા છે. આ વર્ષની શરૂઆતમાં ઉત્તરી આઈવરી કોસ્ટમાં એક ટેક્ર અને બસ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં ૧૩ લોકોના મોત થયા હતા અને ૪૪ લોકો ઘાયલ થયા હતા.

## ન્યૂઝ બ્રિફ



પ્રખ્યાત કોમેડિયન કપિલ શર્માએ ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ્સમાં ભાગ લીધો હતો

### બોલિવૂડની એવરગ્રીન અભિનેત્રી રેખા કપિલના શોમાં ગેસ્ટ તરીકે આવશે

। મુંબઇ, તા.૭ ।

પ્રખ્યાત કોમેડિયન કપિલ શર્માએ ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ્સમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે તેના કોમેડી શો વિશે ઘણી વાતો કરી. કપિલ શર્માને એનડીટીવી ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ્સમાં ગ્લોબલ એન્ટરટેનર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ સન્માન મળ્યા બાદ કપિલ શર્માએ તેના ચાહકો અને ભારતના લોકોનો આભાર માન્યો છે. આ દિવસોમાં કપિલ શર્મા નેટફ્લિક્સ પર તેના કોમેડી શોમાં જોવા મળે છે.આગામી દિવસોમાં બોલિવૂડની એવરગ્રીન અભિનેત્રી રેખા કપિલના શોમાં ગેસ્ટ તરીકે આવવાની છે. આવી સ્થિતિમાં કપિલે આ વિશે પણ વાત કરી. કપિલે કહ્યું કે રેખા તેના શોમાં આવવાની છે અને તે ખૂબ જ ઉત્સાહિત છે. કપિલે કહ્યું, "રેખા દસ વર્ષ પછી અમારા સેટ પર આવી અને તે દસ વર્ષ નાની હતી. દિગ્ગજ કલાકારો સાથે બેસીને વાત કરવાનો મોકો મળવો એ મારા માટે સન્માનની વાત છે.

### આમિર ખાન શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે ફિલ્મ કરવા માંગે છે

। મુંબઇ, તા.૭ ।

શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન તેમના ચાહકોને એકસાથે સ્ક્રીન શેર કરતા જોવા માંગે છે. આમિર ખાને પોતાના એક ઈન્ટરવ્યુ વિશે વાત કરી હતી. આમિરે લગભગ છ મહિના પહેલા બંને કલાકારો સાથે એક સાથે ફિલ્મ કરવા વિશે કરેલી વાતચીત શેર કરી અને કહ્યું કે તેઓ "સાચી સ્ક્રિપ્ટ"ની રાહ જોઈ રહ્યા છે.આ વિશે વાત કરતા આમિર ખાને કહ્યું, "સારું, લગભગ છ મહિના પહેલા, શાહરૂખ, સલમાન અને હું સાથે હતા અને અમે આ વિશે વાત કરી હતી. હકીકતમાં, મેં જ આ મુદ્દો ઉઠાવ્યો હતો. મેં શાહરૂખ અને સલમાનને કહ્યું હતું કે જો આપણે ત્રણેય એક સાથે ફિલ્મ નહીં કરીએ તો ખરેખર દુઃખ થશે.આમિર ખાને કહ્યું, મને લાગે છે કે સલમાન ખાન અને શાહરૂખ ખાને આ પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. તેઓને પણ લાગ્યું કે આપણે ચોક્કસ કરવું જોઈએ. જો કે, આ માટે આપણને સારી વાર્તાની જરૂર છે. અમે સારી સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યા છીએ, જોકે અમે ત્રણેય પણ કામ કરવા માટે ઉત્સાહિત છીએ. આવું પહેલીવાર બન્યું જ્યારે આમિર ખાને શાહરૂખ ખાન અને સલમાન ખાન સાથે કામ કરવાની વાત કરી. તાજેતરમાં જ ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં આમિર ખાને કહ્યું હતું કે તારી અને મારી વિચારસરણી એકસરખી છે.

## સેન્સર બોર્ડના ચેરપર્સન બનવું આસાન નહોતું : આશા પારેખ

। મુંબઇ, તા.૭ ।

એક ટીવી કાર્યક્રમમાં દેશની રાજનીતિ, મનોરંજન અને ઉદ્યોગ જગતની મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો, જેમણે આપણા સમાજને પ્રેરણા આપી છે. આ ઈવેન્ટમાં બોલિવૂડની જાણીતી અભિનેત્રી આશા પારેખે પણ ભાગ લીધો હતો. આ દરમિયાન તેણે ઘણી વાતો શેર કરી. આશા પારેખે પણ સેન્સરશીપ અને ઓટીટી અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આશા પારેખે ફિલ્મોમાં સેન્સરશીપ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું, "મને લાગે છે કે સેન્સરશિપ હોવી જોઈએ કારણ કે જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે ખૂબ જ ખરાબ છે. હું તેની વિરુદ્ધ છું. પછી તે ઓટીટી હોય કે સિનેમા." તમને જણાવી દઈએ કે આશા પારેખે ૧૯૫૯માં આવેલી ફિલ્મ 'દિલ દે કે દેખો'થી પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તે શમ્મી કપૂર સાથે જોવા મળી હતી. અભિનેત્રીએ કહ્યું કે તેણે શમ્મી કપૂર પાસેથી ઘણું શીખ્યું છે.ભારતીય સિનેમામાં હંમેશા પુરૂષ હીરોને વધુ મહત્વ આપવામાં આવ્યું છે.

ચીન સાથે સંઘર્ષ વધ્યો

## અમેરિકા, જાપાન અને ફિલિપાઈન્સે દક્ષિણ ચીન સાગરમાં સૈનિકો તૈનાત કર્યા

**જાપાન અને ફિલિપાઈન્સે નૌકાદળના જહાજો મોકલ્યા હતા, જેના કારણે દરિયામાં ખળભળાટ મચી ગયો છે**

। મનીલા, તા.૭ ।

વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં ચીન સાથે અમેરિકા, જાપાન અને ફિલિપાઈન્સ વચ્ચેનો સંઘર્ષ વધુ વધી ગયો છે. સતત વધી રહેલા તણાવને જોતા શુક્રવારે અમેરિકાએ દક્ષિણ ચીન સાગરમાં એક જાસૂસી વિમાન તૈનાત કર્યું હતું. જ્યારે જાપાન અને ફિલિપાઈન્સે નૌકાદળના જહાજો મોકલ્યા હતા. જેના કારણે દરિયામાં ખળભળાટ મચી ગયો છે. તમને જણાવી દઈએ કે માત્ર બે દિવસ પહેલા જ સહયોગી દળોએ ફિલિપાઈન્સના પેટ્રોલિંગ જહાજો સામે ચીની કોસ્ટ ગાર્ડ જહાજોની કાર્યવાહીની નિંદા કરી હતી. યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડે જણાવ્યું હતું કે તેણે 'નેવિગેશન અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતા જાળવવા' અને 'સમુદ્ર અને આંતરરાષ્ટ્રીય એરસ્પેસના અન્ય કાયદેસર ઉપયોગો' માટે ફિલિપાઈન્સના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં સહયોગીઓ અને ભાગીદારો દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ફિલિપાઈન્સના બે સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉત્તરપશ્ચિમ ફિલિપાઈન્સના બેઈજિંગ અને મનીલા વચ્ચે વિવાદિત માછીમારી વિસ્તાર, સ્કારબોરો શોલથી લગભગ ૪૦ નોટિકલ માઈલ (૭૪ કિલોમીટર) દૂર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બંને અધિકારીઓએ નામ ન આપવાની શરતે વાત કરી કારણ કે તેઓ આવી વિગતો જાહેરમાં ચર્ચા કરવા માટે અધિકૃત ન હતા.ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર દાવો કરે છે અને તેના કોસ્ટ ગાર્ડ, નેવી અને શંકાસ્પદ લશ્કરી કાફલા સાથે આક્રમક રીતે તેનો બચાવ કરે છે.

મુખ્યમંત્રી યોગી સ્વર્વેદ મંદિરના વિહંગમ યોગના શતાબ્દી સમારોહમાં પહોંચ્યા હતા

# આપણો દેશ સુરક્ષિત છે તો આપણો ધર્મ સુરક્ષિત, આ પછી જ આપણે સુરક્ષિત : યોગી

**સીએમએ મંચ પરથી કહ્યું કે બાબા વિશ્વનાથની પવિત્ર ભૂમિ પર આયોજિત આ કાર્યક્રમના અવસર પર હું દરેકને અભિનંદન આપું છું**



। વારાણસી, તા.૭ ।

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શનિવારે સ્વર્વેદ મંદિરના વિહંગમ યોગના શતાબ્દી સમારોહમાં પહોંચ્યા હતા. આ દરમિયાન જ્યારે મુખ્યમંત્રીએ મંચ સંભાળ્યો ત્યારે તેમણે ધર્મ અને સનાતન પર જે નિવેદન આપ્યું તે દરેકના હૃદયને સ્પર્શી ગયું. સીએમએ મંચ પરથી કહ્યું કે બાબા વિશ્વનાથની પવિત્ર ભૂમિ પર આયોજિત આ કાર્યક્રમના અવસર પર હું દરેકને અભિનંદન આપું છું. વિહંગમ યોગ સંત સમાજ એક દિવ્ય અને ભવ્ય મંદિર બનાવીને લાખો ભક્તોને ભારતની યોગ પરંપરા અને આધ્યાત્મિક પ્રવાહ સાથે જોડવાનું કામ કરી રહ્યું છે. આ શુભ અવસર પર, અમે સદગુરુ સદાફલદેવજી મહારાજની સ્મૃતિઓને શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને વિહંગમ યોગ સંત સમાજ અને તેની સાથે સંકળાયેલા તમામ ભક્તો અને ભક્તોને જનજાગૃતિના આ વિશાળ અભિયાન માટે હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ.પીએમે પોતે આની પ્રેક્ટિસ કરી હતી. એક સંત અને સાચો યોગી દેશ અને સમાજના સંજોગો સામે ચૂપ ન રહી શકે. સદદેવ ફલજી મહારાજ પણ તેમના આધ્યાત્મિક અભ્યાસ દ્વારા દેશને આઝાદી અપાવનાર આંદોલન સાથે જોડાયેલા હતા. સીએમએ કહ્યું કે પીએમ કહે છે દરેક કામ દેશના નામે. જો આપણો દેશ સુરક્ષિત છે તો આપણો ધર્મ પણ સુરક્ષિત છે અને આપણો ધર્મ સુરક્ષિત છે તો આપણે સુરક્ષિત છીએ. ગમે તે કામ કરો, ધર્મથી ઉપર ઉઠો.પીએમનો સંસદીય મતવિસ્તાર હોવાના કારણે પીએમએ દસ વર્ષમાં કાશીને ચમકાવ્યું. વિશ્વનો સૌથી મોટો સ્નાન ઘાટ, નમો ઘાટ, જેમાં હેલિપેડ પણ છે, કાશીમાં છે. કાશીના તમામ દેવ મંદિરોનો કાયાકલ્પ કરવામાં આવ્યો છે.

## પાકિસ્તાનમાં અહમદિયા મુસ્લિમનું કુહાડીથી માથું કાપી નાખવામાં આવ્યું

। લાહોર, તા.૭ ।

પાકિસ્તાનમાં અહમદિયા મુસ્લિમો પર અત્યાચાર અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ શ્રેણીમાં, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં અહમદિયા લઘુમતી સમુદાયના એક વેપારીને કુહાડી વડે મારી નાખવામાં આવ્યો હતો.પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, તૈયબ અહેમદ નામના આ વ્યક્તિની કથિત રીતે તેના વિશ્વાસના કારણે હત્યા કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે ૪૦ વર્ષીય તૈયબ અહેમદ લાહોરથી લગભગ ૨૭૫ કિમી દૂર રાવલપિંડી શહેરમાં તેના ભાઈની દુકાન પર હતો, ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ તેના પર કુહાડી વડે હુમલો કર્યો.

## તાઈવાને ચીનને સલાહ,'ધમકાવશો નહીં, પાડોશી દેશો માટે હથિયાર ખોલો'

। તાઈપેઈ, તા.૭ ।

તાઈવાનના રાષ્ટ્રપતિ લાઈ ચિંગ તેએ પોતાના પ્રથમ વિદેશ પ્રવાસના સમાપન પર ચીનને મોટી સલાહ આપી છે. તેમણે ચીનને કહ્યું કે ધમકી ન આપો, તેના પડોશી દેશોને હથિયારો આપવાનું સારું છે. તેમણે શાંતિની શોધમાં બેઈજિંગ સાથે લડવાને બદલે પડોશી દેશોને તેના હથિયારો ખોલવાનું આહ્વાન કર્યું. .ચીંગ તેહે શુક્રવારે પેસિફિક ટાપુ રાષ્ટ્ર પલાઉમાં પત્રકારોને સંબોધિત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી એવા સમયે કરવામાં આવી છે જ્યારે ચિંગ તેહની મુલાકાતના જવાબમાં ચીન તાઈવાનની આસપાસ સૈન્ય અભ્યાસ હાથ ધરવાની અટકળો છે. તેમણે કહ્યું, "પડોશી દેશોને દબાણ કરવા માટે ગમે તેટલી સૈન્ય કવાયત અને યુદ્ધ જહાજો અને વિમાનોનો ઉપયોગ કરવામાં આવે, તે (ચીન) કોઈપણ દેશનું સન્માન જીતી શકશે નહીં."ચીનના વિદેશ મંત્રાલયે તાઈવાનને અમેરિકાના તાજેતરના શસ્ત્રોના વેચાણના જવાબમાં ૧૩ અમેરિકન કંપનીઓ અને છ અધિકારીઓ પર પ્રતિબંધોની જાહેરાત કર્યાના એક દિવસ બાદ રાષ્ટ્રપતિની ટિપ્પણી આવી છે.

વિશ્વમાં સનસનાટી મચાવી દીધી | રશિયા દ્વારા બ્રિટન અથવા તેના નાટો સહયોગીઓ પર સીધો પરમાણુ હુમલો કરવાની સંભાવના ઓછી

# બ્રિટનના વરિષ્ઠ સૈન્ય કમાન્ડરે 'ત્રીજા પરમાણુ યુગની' ચેતવણી આપી



। લંડન, તા.૭ ।

બ્રિટનના એક વરિષ્ઠ સૈન્ય કમાન્ડરે 'ત્રીજા પરમાણુ યુગ'ની ચેતવણી આપીને સમગ્ર વિશ્વમાં સનસનાટી મચાવી દીધી છે. આ વરિષ્ઠ કમાન્ડરે ચેતવણી આપી છે કે વિશ્વ "ત્રીજા પરમાણુ યુગ" ની અણી પર ઉભું છે. તે બહુવિધ પડકારો અને નબળા સુરક્ષા પગલાં દ્વારા વ્યાખ્યાયિત થયેલ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એડમિરલ ટોની રાડાકિને જણાવ્યું હતું કે જ્યારે રશિયા દ્વારા બ્રિટન અથવા તેના નાટો સહયોગીઓ પર સીધો પરમાણુ હુમલો કરવાની સંભાવના ઓછી છે, ત્યારે વર્તમાન સંજોગોને જોતા બ્રિટને તેને જે જોખમોનો સામનો કરવો પડ્યો છે તેની ગંભીરતાને ઓળખવાની જરૂર છે.રેડકિને જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકામાં પરમાણુ શસ્ત્રોના પ્રસારને પ્રતિબંધિત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો હોવા છતાં, વર્તમાન યુગ "સંપૂર્ણપણે વધુ જટિલ છે. જ્યારે આંતરરાષ્ટ્રીય પ્રયત્નોએ શીત યુદ્ધમાં બે મહાસત્તાઓને પરમાણુ અવરોધ દ્વારા અલગ રાખ્યા હતા, "અમે શરૂઆતના તબક્કે છીએ. ત્રીજા પરમાણુ યુગના રશિયા દ્વારા યુક્રેનમાં વ્યૂહાત્મક પરમાણુ હથિયારોના ઉપયોગનો ખતરો પશ્ચિમ સામેના પડકારોમાંનો એક છે. તેના ભંડારને વિસ્તારવાની ઝુંબેશમાં ઈરાન દ્વારા તેના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો અને ઉત્તર કોરિયાના "અનિયમિત વર્તન" સાથે સહકાર આપવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે.બ્રિટિશ સૈન્ય કમાન્ડરે દાવો કર્યો હતો કે આ બધું પશ્ચિમી દેશોને અસ્થિર કરવાના ઉદ્દેશ્યથી વધતા સાયબર હુમલાઓ, તોડફોડ અને વિકૃત માહિતી અભિયાનોની પૃષ્ઠભૂમિ સામે આવે છે. તેમણે યુક્રેનિયન સરહદ પર રશિયન દળોની સાથે ઉત્તર કોરિયાના સૈનિકોની જમાવટને વર્ષનો "સૌથી અસાધારણ વિકાસ" ગણાવ્યો અને ચેતવણી આપી કે વધુ તૈનાતી શક્ય છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સર્વાનુમતે આ સંબંધમાં એક ઠરાવ પસાર કર્યો | ભારત તેમજ અન્ય દેશોના પ્રયાસોને કારણે આ સફળતા મળી છે, ભારતની સાથે, લિક્ટેંસ્ટાઇન, શ્રીલંકા, નેપાળ, મેક્સિકો અને એન્ડોરા એવા દેશોના કોર જૂથનો ભાગ હતા

# ૨૧મી ડિસેમ્બરે સમગ્ર વિશ્વમાં વિશ્વ ધ્યાન દિવસ ઉજવવામાં આવશે!!



। સંયુક્તરાષ્ટ્ર, તા.૭ ।

હવે ૨૧મી ડિસેમ્બરે વિશ્વભરમાં વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સર્વાનુમતે આ સંબંધમાં એક ઠરાવ પસાર કર્યો હતો. ભારત તેમજ અન્ય દેશોના પ્રયાસોને કારણે આ સફળતા મળી છે. ભારતની સાથે, લિક્ટેંસ્ટાઈન, શ્રીલંકા, નેપાળ, મેક્સિકો અને એન્ડોરા એવા દેશોના કોર જૂથનો ભાગ હતા જેમણે ૧૯૩-સભ્ય યુએન જનરલ એસેમ્બલીમાં સર્વસંમતિથી 'વર્લ્ડ મેડિટેશન ડે' નામનો ઠરાવ પસાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત પાર્વતનેની હરીશે 'એકસ' પર પોસ્ટ કરીને કહ્યું, "વ્યાપક સુખાકારી અને આંતરિક પરિવર્તનનો દિવસ! મને ખુશી છે કે ભારતે કોર ગ્રુપના અન્ય દેશો સાથે મળીને ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કરતા સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સર્વસંમતિથી ઠરાવને અપનાવવાની પ્રક્રિયાને માર્ગદર્શન આપ્યું હતું." તેમણે કહ્યું કે ભારતનું નેતૃત્વ સર્વગ્રાહી માનવ કલ્યાણ પર આધારિત છે. "આપણા સભ્યતાનો સિદ્ધાંત - વસુધૈવ કુટુમ્બકમ".હરીશે જણાવ્યું હતું કે ૨૧ ડિસેમ્બર શિયાળુ અયનકાળ ચિહ્નિત કરે છે, જે ભારતીય પરંપરામાં ઉત્તરાયણની શરૂઆત દર્શાવે છે, "આંતરિક પ્રતિબિંબ અને ધ્યાન માટે વર્ષનો ખાસ કરીને શુભ સમય." તેમણે કહ્યું કે તે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના બરાબર છ મહિના પછી આવે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂને ઉજવવામાં આવે છે, જ્યારે ઉનાળુ અયન થાય છે. હરીશે કહ્યું કે ભારતે ૨૦૧૪માં ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે એક દાયકામાં તે એક વૈશ્વિક ચળવળ બની ગયું છે.










# રાજ્યમાં બે અકસ્માતમાં ત્રણના મોત, સાબરકાંઠામાં બે લોકોના મોત

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. સાબરકાંઠાના વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર આજે અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ ગંભીર અકસ્માતમાં ૨ લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય એક અકસ્માતમાં જૂનાગઢમાં યુવતીનું મોત થયું હતું. સાબરકાંઠાના વડાલી ખેડબ્રહ્મા હાઈવે રોડ પર ભીષણ અકસ્માત સર્જાયો હતો. વડાલી રેલ્વે ફાટક પાસે કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ઘટના બની હતી. જેમાં પોલીસ નેમ પ્લેટવાળી કારને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં કાર ઝાડ સાથે અથડાતા બે લોકોના મોત થયા હતા. અને ૧ વ્યક્તિ ઘાયલ થયો હતો.વડાલી પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચી સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતકો મૂળ બનાસકાંઠાના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.





































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya



CMYK